# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1) સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉડાન માટે તેલ માર્કેટિંગ કંપનીઓને 10 હજાર કરોડ રૂપિયાની એક વખતની બજેટ સહાયને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.

2) કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડી કે શિવકુમારે કર્ણાટકના, 25મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

3) દિલ્હીની એક હોટેલમાં આગ લાગતાં 21 લોકોના મોત- રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતના મહાનુભાવોએ દુ:ખ વ્યક્ત કર્યું.

4) ગુજરાતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 362 નાગરિક પકડાયા – ઓપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ પોલીસની કાર્યવાહી.

5) પ્રસ્તાવિત ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરાર પર 99 ટકા કામ પૂર્ણ.

6) ભારતીય ખેલાડી આયુષ શેટ્ટી ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના મેન્સ સિંગલ્સ સ્પર્ધાની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET - DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે તેલ માર્કેટિંગ કંપનીઓને 10 હજાર કરોડ રૂપિયા ની એક વખતની બજેટ સહાયને મંજૂરી આપી છે. ભારતીય એરલાઇન્સને ઇંધણના ભાવ સ્થિરતા જાળવવામાં મદદ કરવા માટે મંત્રીમંડળે આ નિર્ણય કર્યો છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણમંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપી.

(BYTE - ASHWINI VAISHNAV)

કેબિનેટે દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં જૂના ટ્રક અને બસોને બદલવા માટે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર આયોજન બોર્ડને સહાય પૂરી પાડવા માટેની યોજનાને પણ મંજૂરી આપી. આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ રામેશ્વરમથી ઓડિશામાં પારાદીપ સુધીના કોસ્ટલ હાઇવેના નિર્માણને પણ મંજૂરી આપી હતી શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 830 કરોડ રૂપિયા થી વધુ હશે.

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ બિહારમાં NH-31 અને NH-231 ના ખાગરિયા-પૂર્ણિયા વિભાગોના ચાર-લેન અપગ્રેડને મંજૂરી આપી છે. આ ખર્ચ 3 હજાર 936 કરોડથી વધુ છે.

# REV. PRALHAD - SOLAR ENEGRY

ભારતે  વાર્ષિક સૌર ઊર્જા ક્ષમતા વધારામાં 2025 સુધીમાં વિશ્વનું બીજું સૌથી મોટું સૌર ઊર્જા વિકાસ બજાર બનવા માટે અમેરિકાને પાછળ છોડી દીધું છે.

ભારતે સ્થાપિત સૌર ઉર્જા ક્ષમતાના નોંધપાત્ર 155 GW ને વટાવી દીધું છે. આનાથી દેશના 50 ટકા બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અને સમયપત્રક પહેલાં તેના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાનને પૂર્ણ કરવામાં મદદ મળી છે. પ્રધાનમંત્રી સૂર્ય ઘર: મફત વીજળી યોજના જેવી મુખ્ય પહેલ લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહી છે, 40 લાખથી વધુ ઘરો ઘરમાં સ્થાપિત સૌર પેનલ્સથી વીજળી મેળવી રહ્યા છે.

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે દેશની સૌર ઉર્જા વિકાસ વાર્તા વૈશ્વિક ધોરણો સ્થાપિત કરી રહી છે.

# SL INDIA CONTRACTS

ભારતીય કંપનીઓએ શ્રીલંકાના માળખાગત સુવિધાઓ અને ઉર્જા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ કરારો મેળવ્યા છે, જે બંને દેશો વચ્ચે વધતી જતી આર્થિક ભાગીદારી દર્શાવે છે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની શ્રીલંકા સ્થિત પેટાકંપની લંકા IOC ને 2026-27 માં સાપુગાસ્કંડા પાવર સ્ટેશન માટે 3 લાખ 16 હજાર લિટર લુબ્રિકેટિંગ તેલ પુરવઠો આપવાને આશરે 390 મિલિયન શ્રીલંકન રૂપિયા મૂલ્ય નો કરાર અપાયો છે.

ભારતના RS ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડને શ્રીલંકાના મુલ્લિકુલમ વિન્ડ પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટનો એક ભાગ બનાવવાના કરાર ને મંજૂરી આપી છે આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે 500 મિલિયન રૂપિયા થવાનો અંદાજ છે. તેમાં પાવર ટ્રાન્સમિશન માટે સબસ્ટેશન અને 220 kV કેબલ પર કામ શામેલ હશે. આ બે કરારો દર્શાવે છે કે ભારતીય કંપનીઓ શ્રીલંકાના પાવર, ઉર્જા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં ઝડપથી તેમની ભાગીદારી વધારી રહી છે.

# EC-MEDIA CONFERENCE

ચૂંટણી પંચે આજે નવી દિલ્હીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ શરૂ કરી. તે ચૂંટણી પ્રક્રિયાઓ અને ઝુંબેશમાં મીડિયા માટે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ અને નવીનતાઓની ચર્ચા કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે કમિશન બૂથ-સ્તરના અધિકારીઓ અને એજન્ટોને તાલીમ આપીને 10 કરોડ થી વધુ મતદારો સુધી વધુ સારી રીતે પહોંચ સુનિશ્ચિત કરી રહ્યું છે.

# PM-DK SHIVAKUMAR =REV.KARNATAKA CM-SWORN IN

કર્ણાટકમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડી કે શિવકુમારે આજે રાજ્યના 25મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમને શપથ લેવડાવ્યા. અગાઉ સિદ્ધારમૈયાના મંત્રીમંડળમાં ગૃહ વિભાગ સંભાળનારા ડૉ. જી પરમેશ્વરે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. જ્યારે બાર ધારાસભ્યોએ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા.

લોકસભાના વિરોધપક્ષ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ ના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત અનેક વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ, તેલંગાણા, કેરળ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીઓ શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ડી કે શિવકુમારને મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ તેમને તેમના કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

--------------------------------------------------------------------------------

# NEW DELHI FIRE - MALVIYA NAGAR

દિલ્હીના માલવિયા નગરમાં  આજે સવારે એક હોટલમાં આગ લાગવાથી એકવીસ લોકોના મોત થયા છે. દક્ષિણ દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અનંત મિત્તલે જણાવ્યું હતું કે આઠ ફાયર એન્જિનની મદદથી આગ પર કાબુ મેળવવામાં આવ્યો છે. સાંભળીએ એક અહેવાલ

(BYTE—DIPENDRA)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું  અધિકારીઓ અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહ્યા છે. તેમણે ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. શ્રી મોદીએ મૃતકોના પરિવારોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી. 2 લાખ અને ઘાયલોને 50,000 રૂપિયા  ની સહાયની જાહેરાત કરી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને ગૃહમંત્રી અમિત શાહે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો.

# MAHA INDIA US TRADE TALKS

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે કહ્યું કે પ્રસ્તાવિત ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરાર પર 99 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આજે મુંબઈમાં એક પરિષદને સંબોધતા શ્રી ગોરે કહ્યું કે બંને દેશ બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા કામ કરી રહ્યા છે અને તેમણે આગામી થોડા અઠવાડિયામાં આ કરારને અંતિમ સ્વરૂપ અપાશે તેવી આશા વ્યક્ત કરી.

મુખ્ય વાટાઘાટકાર બ્રેન્ડન લિંચના નેતૃત્વ હેઠળનું અમેરિકાનું એક વેપાર પ્રતિનિધિમંડળ હાલ નવી દિલ્હીમાં ભારતીય અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યું છે. જ્યારે વાણિજ્ય મંત્રાલયના અધિક સચિવ દર્પણ જૈન ભારતીય પક્ષનું નેતૃત્વ કરી રહ્યા છે. શ્રી ગોર આવતીકાલે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલને પણ મળશે. તેમણે ભારત-અમેરિકા સંબંધોને આધુનિક સમયની સૌથી મહત્વની ભાગીદારી પૈકીની એક ગણાવી.

તેમણે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલી 'ટ્રસ્ટ' પહેલનો પણ ઉલ્લેખ કર્યો, જે AI, મહત્વપૂર્ણ ખનિજો, ઔષધ ફાર્માસ્યુટિકલ્સ અને વિશ્વસનીય સપ્લાય ચેઇનના ક્ષેત્રોમાં સહયોગ વધારી રહી છે.

# OPERATION DELTA HUNT

સમગ્ર ગુજરાતમાં ઑપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ પોલીસે વિવિધ શહેરમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 362 જેટલા નાગરિકોને પકડ્યા. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અન્ય 780 જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશના નાગરિકોની તપાસ કરવામાં આવી રહી છે. આ ઑપરેશન શરૂ થતાં જ શહેરોના બસ અને રેલવેમથક તથા રાજમાર્ગ પર નાકાબંધી કરવામાં આવી હતી. દરમિયાન ભાગવાનો પ્રયાસ કરનારા 18 લોકોને પણ પકડવામાં આવ્યા છે.

(BYTE: HARSH SAGHAVI, DEPUTY CHIEF MINISTER)

# VENEZUELA PRESIDENT ARRIVAL

વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ડેલ્સી એલોઇના રોડ્રિગ્ઝ ગોમેઝ ભારતના પાંચ દિવસના પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા. તેમની સાથે વિદેશ, અર્થતંત્ર અને નાણાં, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંદેશાવ્યવહાર અને માહિતી અને પરિવહન મંત્રીઓનું પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. પ્રવાસ દરમિયાન, સુશ્રી રોડ્રિગ્ઝ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.

# EVE BADMINTON

ભારતીય ખેલાડી આયુષ શેટ્ટી ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષ સિંગલ્સ સ્પર્ધાની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા. તેમણે આજે ચીનના વેંગ હોંગયાંગને હરાવ્યા. દરમિયાન, રોહન કપૂર અને રૂત્વિકા શિવાની ગડ્ડેની ભારતીય જોડીએ પણ મિશ્ર ડબલ્સ ઇવેન્ટમાં ચાઇનીઝ તાઈપેઈના હુ લિંગ-ફેંગ અને યાંગ પો-હુઆનને હરાવી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી.